નવી બાબત-૨૦૧૪-૧૫ ''સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી''માટે જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક: એનપીસી-૧૦૨૦૦૭-૧૧૪૧-II(પાર્ટ-૨)વ

સચિવાલય,ગાંધીનગર

તારીખ:-૦૧/૦૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧)ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક: એનપીસી-૧૦૨૦૦૭-૧૧૪૧(પાર્ટ-૨)વ

(૨)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગરની કચેરીનો તા.૨૭/૧૧/૧૩ નો પત્ર ક્રમાક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫/ ૧૯૩૫/૨૦૧૩

(૩) વર્ષ-૨૦૧૪-૧૫નું સુધારેલ અંદાજ પત્ર પ્રકાશન નં.૧૨ પાના નં.૧૫૮

ઠ રા વ:-

નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન ૩૧૦/૧૯૯૬ ના ચુકાદામાં આપેલ નિર્દેશોના પાલન અન્વયે રાજય સરકાર ધ્વારા સંદર્ભ ક્રમાંક:૧ આગળ દર્શાવેલ તા.૩૧/૭/૨૦૧૩ ના ઠરાવથી સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટીની રચના કરવામાં આવી છે. પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી ખાતે વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા તથા ફર્નિચર સાધન સામગ્રી તથા વાહન ભાડે લેવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે રૂ.૩૪.૮૨,૦૦૦/-ની અંદાજપત્રની જોગવાઇ કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીએ આમુખ ક્રમાક:(૨) માં નિર્દેષ્ટ પત્રથી સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી.

૨ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીની ઉકત દરખાસ્ત અન્વયે વર્ષ-૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં આ હેતુસર રૂ.૨૦,૦૦,૦૦૦/-(વીસ લાખ પુરા)ની નવી સેવા હેઠળ અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે.

૩. ઉકત અંદાજપત્રીય જોગવાઇને મંજુરી આપવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીએ આમુખ ક્રમાક (૧)માં નિર્દેષ્ટ પત્રથી સરકારશ્રીને કરેલ દરખાસ્ત અન્વયે નાણા વિભાગ તથા સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા આપવામાં આવેલ મંજુરી ધ્યાને લઇ સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી માટે વિવિધ સંવર્ગની નીચે જણાવેલ ત્રણ નવી જગ્યાઓ ઉભી કરવા તથા પટાવાળાની જગ્યા આઉટ સોસીંગથી ભરવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં આવર્તક ખર્ચ તરીકે રૂ.૧૨,૮૦,૦૦૦/ અને આ કચેરી માટે વાહન ભાડે લેવા તથા ફર્નિચર માટે અનાવર્તક ખર્ચ રૂ.૭,૨૦,૦૦૦/મળી કુલ રૂ.૨૦,૦૦,૦૦૦/ (વીસ લાખ પુરા)ની જોગવાઇને આથી નીચેની શરતોને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અ નં | હોદ્દો | જગ્યા ની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | નાયબ સચિવ, વર્ગ-૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ-પે-૭૬૦૦ |
| ૨ | સેકશન અધિકારી, વર્ગ-૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે-૪૬૦૦ |
| ૩ | ડેટા એન્ટ્રી ઓપરેટર, વર્ગ-૩ | ૧ | આઉટ સોર્સીંગથી |
| ૪ | પટાવાળા, વર્ગ-૪ | ૧ | આઉટ સોર્સીંગથી |

(૧) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોમાં ઠરાવેલ રેશીયોની જોગવાઇ મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૨) વર્ગ-૪ ની જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટ સોર્સીંગથી કરાવવાની રહેશે.

(૩)જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ?તે ચકાસી લેવાની રહેશે.

(૪) ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા આઉટ સોર્સીંગથી રૂ.૭૦૦૦/- સુધીના માસીક ફીકસ પગારથી ભરવાની રહેશે.

(૫) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/2003/જીઓઆઇ/૧૦/પી(પા.ફા)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગે વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમા બહાર પાડનાર હુકમો સીધી ભરતીથી નિમણુક પામેલ ઉમેદવારને લાગુ પડશે.

(૬)આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૭) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીની જે તે પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૮) આ નવી મંજુરી કરેલ જગ્યાઓ અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાકીય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૯)કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૦)રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧)નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો તે જગ્યાઓની મુદત લંબાવવાની દરખાસ્ત નાણા વિભાગની મંજૂરી માટે રજૂ કરવાની રહેશે.

(૧૨) ફર્નિચરની વગેરેની ખરીદી સરકારશ્રીની પ્રર્વતમાન ખરીદી નીતિને અનુલક્ષીને કરકસરયુકત રીતે કરવાની રહેશે.

(૧૩) ખરીદેલ ફર્નિચરની ડેડસ્ટોક રજીસ્ટરમાં નોંધણી કરી નિભાવવાનુ રહેશે.

(૧૪) ઓથોરીટી માટે એક વાહન વાર્ષિક ભાડાના ધોરણે લેવાનું રહેશે.

આ બાબતેનો ખર્ચ બજેટ સદર ૪૩-૨૦૫૫-૦૦૧-૦૩ "સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટીના વ્યવસ્થાપન અંગે" હેઠળ ઉધારવાનો રહેશે અને ચાલુ વર્ષમાં કરવામાં આવેલ અંદાજપત્રીય જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૪/૦૬/૨૦૧૪ની તથા સા.વ.વિ.ની તા.૭/૨/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ.સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)નું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ક.ગ)સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
- ચેરમેનશ્રી, સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી,બ્લોક નં.૧૯/૩ માળે, જુના સચિવાલય, ગાંધીનગર
- શ્રી મનોજ સોની,સભ્ય સચિવશ્રી, સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી,બ્લોક નં.૧૯/૩ માળે, જુના સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ તપાસ), ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.વ્ય), ગુજરાત રાજ્ય ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) સામાન્ય વહિવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર(ગ-૨ સેલ શાખા)
- નાણા સલાહકારશ્રી (ગૃહ)નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(મહેકમ) સામાન્ય વહિવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- ઉપસચિવશ્રી (ફરિયાદ) ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ.૧-શાખા,સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- સેકશન અધિકારીશ્રી,બજેટ-શાખા,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,માનવ અધિકાર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- પસંદગી ફાઈલ /૦૭/૨૦૧૪